
# ફેરિયા

GUJARATI



સુશીલ શુક્લ
ચિત્રો નીલેશ ગેહલોત

एकलव्य

# ફેરિયા


સુશીલ શુક્લ

ચિત્રો
નીલેશ ગેહલોત

ભાષાંતર
મહેન્દ્ર ચોટલિયા







एकलव्य ARCH


જાંબુ લાવે શેતૂર લાવે ને કદી બોર અજમેરી,
એની કલામાં છે હુશિયારી એ ફરે કેટલી ફેરી!

માથે સૂંડો કૈંક સ્વાદનો લૈ ગલીગલીમાં ઘૂમે,
બહુ બોલકી છોરી જાણે પિયરિયામાં ઝૂમે.










એના મસાલા બધાય દેશી ને વળી તાજામાજા,
થોડા મસાલા એવા રે વાતુંનાં કેવળ વાજાં.

પહેલાં તો ચખાડશે જાંબુ એવું એક રસબસ,
કે તમે જ એનો ઘા ખાઈને થશો ઢીલા ને ઢસ.






ઉપાડશે બે પાન લીલાં સટ્ટાક દઈ છટાથી,
જાણે સિર્ફ તમારા કાજે પસંદ કીધાં સો-માંથી.

ભાવ જાણ્યો જ્યારે ઊભા પકડી પડિયો હાથ,
“તારી કનેથી લઉં કદી ના નિશ્ચય મારો આજ.”






બે’ક દિવસમાં દેખા દેશે ઢગલો કેરી લાવી,
“આવ્યો છું સાહેબ, આપને નામ દઉં બતાવી.”

આ નાનકડી તે ચૂસણી ને પેલ્લી તો કમાલ,
છો દેખાતી લીલી પણ અંદર લાલમલાલ.








જાણી એ તરત લેશે લલચાઈ કેવી આંખ તમારી,
“લઈ લ્યોને બાબુજી, આ કેરી છે ચમત્કારી.”

કોઈક વાર દેખાશે નહીં એ, જશે દિવસ ત્રણ-ચાર,
‘શેતૂરવાળો કેમ ના આવ્યો?’ કરશો તમે ઈન્તજાર.





દૂબળોપાતળો એ ફરીથી એક દી’ આવી ચડશે,
તકલીફોની વાત કદાચ એ ભીની આંખે કહેશે.

ભાવ એને મન-માન્યો એ દિવસે મળવાનો,
એ ખ્યાલથી હા...શ! એને ખૂબ આરામ મળવાનો.



# ફેરિયા

સુશીલ શુક્લ

ચિત્રો
નીલેશ ગેહલોત

ભાષાંતર
મહેન્દ્ર ચોટલિયા

माहिर हैं अपने फन के लगाते हैं फेरियाँ
जामुन कभी शहतूत कभी देसी बेरियाँ

सिर पे उठाके घूमते हैं कितने जायके
बातूनी ऐसे जैसे कोई आई है मायके

इनके मसाले सारे ही देसी हैं खड़े हैं
थोड़े-से मसाले इनकी बातों के पड़े हैं

पहले तो एक भरा-सा जामुन चखाएँगे
इस तीर के निशाने आप आ ही जाएँगे

दो पत्ते हरे झट वो अदा से उठाएँगे
चुन-चुन के दे रहे हैं ऐसे पेश आएँगे

दोना पकड़ के आप दाम जानने को हैं
तुमसे नहीं लेंगे कभी यह ठानने को हैं

आ जाएगा दो दिन में वही देसी आम भर
बस आपको बताने को आया है नाम भर

ये छोटा सफेदा है और ये लालपरी है
अन्दर से सुर्ख निकलेगी बाहर से हरी है

वो देख लेगा आँख जो चाहत से भरी है
ले डालिए और सोचिए क्या जादूगरी है

कभी चार दिन को जबकि वो बीमार पड़ेगा
शहतूत क्यों न लाया इन्तज़ार बढ़ेगा

फिर आएगा एक रोज़ वो दुबला बहुत होकर
शायद करे बयान अपनी मुश्किलें रोकर

जो चाहेगा आज उसको वही दाम मिलेगा
इस बात से उसको बहुत आराम मिलेगा।

જાંબુ લાવે શેતૂર લાવે ને કદી બોર અજમેરી,
એની કલામાં છે હુશિયારી એ ફરે કેટલી ફેરી!

માથે સૂંડો કૈંક સ્વાદનો લૈ ગલીગલીમાં ઘૂમે,
બહુ બોલકી છોરી જાણે પિયરિયામાં ઝૂમે.

એના મસાલા બધાય દેશી ને વળી તાજામાજા,
થોડા મસાલા એવા રે વાતુંનાં કેવળ વાજાં.

પહેલાં તો ચખાડશે જાંબુ એવું એક રસબસ,
કે તમે જ એનો ઘા ખાઈને થશો ઢીલા ને ઢસ.

ઉપાડશે બે પાન લીલાં સટ્ટાક દઈ છટાથી,
જાણે સિર્ફ તમારા કાજે પસંદ કીધાં સો-માંથી.

ભાવ જાણ્યો જ્યારે ઊભા પકડી પડિયો હાથ,
“તારી કનેથી લઉં કદી ના નિશ્ચય મારો આજ.”

બે’ક દિવસમાં દેખા દેશે ઢગલો કેરી લાવી,
“આવ્યો છું સાહેબ, આપને નામ દઉં બતાવી.”

આ નાનકડી તે ચૂસણી ને પેલ્લી તો કમાલ,
છો દેખાતી લીલી પણ અંદર લાલમલાલ.

જાણી એ તરત લેશે લલચાઈ કેવી આંખ તમારી,
“લઈ લ્યોને બાબુજી, આ કેરી છે ચમત્કારી.”

કોઈક વાર દેખાશે નહીં એ, જશે દિવસ ત્રણ-ચાર,
‘શેતૂરવાળો કેમ ના આવ્યો?’ કરશો તમે ઈન્તજાર.

દૂબળોપાતળો એ ફરીથી એક દી’ આવી ચડશે,
તકલીફોની વાત કદાચ એ ભીની આંખે કહેશે.

ભાવ એને મન-માન્યો એ દિવસે મળવાનો,
એ ખ્યાલથી હા...શ! એને ખૂબ આરામ મળવાનો.

# ફેરિયા

Feriya



કવિતા: સુશીલ શુક્લ
ચિત્રો: નીલેશ ગેહલોત
ડિઝાઇન: કનક શશિ
ગુજરાતી ભાષાંતર: મહેન્દ્ર ચોટલિયા
સહયોગ: આર્ચ ટીમ, બંસી

મૂળ એકલવ્ય દ્વારા પ્રકાશિત હિન્દી કવિતા 'फेरीवाले' નું ગુજરાતી ભાષાંતર.
Gujarati translation of poem 'Feriwale' published in Hindi by Eklavya.

સુશીલ શુક્લ, નવેમ્બર 2021
ગુજરાતી ભાષાંતર: એકલવ્ય ફાઉન્ડેશન, ઑગસ્ટ 2023

આ પુસ્તક ક્રિએટિવ કૉમન્સના Attribution-Non-commercial-NoDerivatives 4.0 International (CC BY-NC-ND) લાયસન્સ અંતર્ગત છે, જેનું સંપૂર્ણ વિવરણ https://creativecommons.org/licenses/by-nc-nd/4.0/ પર ઉપલબ્ધ છે.

ક્રિએટિવ કૉમન્સ લાયસન્સ અંતર્ગત આ કવિતાનો વાર્તાનો બિન-ધંધાકીય શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ કરી શકાશે. ઉપયોગ કરનારે પુસ્તકનો મૂળ સ્ત્રોત તરીકે ઉલ્લેખ કરવો તથા પ્રકાશકને સૂચિત કરવા આવશ્યક છે. અન્ય કોઈ પણ પ્રકારના ઉપયોગ માટે આર્ચ તથા એકલવ્યનો સંપર્ક કરવો.

ચિત્રો © નીલેશ ગેહલોત, નવેમ્બર 2021

પ્રથમ સંસ્કરણ: સપ્ટેમ્બર 2023 / 1000 નકલ
કાગળ: 100 gsm મૅપલીથો અને 250 gsm એફબી બોર્ડ (પૂંઠું)
ISBN: 978-81-963643-3-5
કિંમત: ₹ 90.00

**સહપ્રકાશક:**

**એકલવ્ય ફાઉન્ડેશન (Eklavya Foundation)**
જમનાલાલ બજાજ પરિસર, જાટખેડી,
ભોપાલ - 462 026 (મધ્ય પ્રદેશ)
ફોન: +91 755 - 297 7770, 71, 72
www.eklavya.in / books@eklavya.in

**આર્ચ (ARCH)**
નગારિયા, ધરમપુર.
વલસાડ - 396 050 (ગુજરાત)
ફોન: +91 98256 51341
ઈમેલ: arch.dharampur@gmail.com

મુદ્રક: આર કે સિક્યુપ્રિન્ટ પ્રા. લિ., ભોપાલ, ફોન +91 755 268 7589



## સુશીલ શુક્લ

બાળકો માટે (અને એ રીતે બધાં માટે) કવિતાઓ, વાર્તાઓ, ચિત્રકથાઓ અને નાના ગદ્યના ટુકડા લખ્યાં છે. એકલવ્ય, પ્રથમ, એકતારા, રૂમ ટૂ રીડ, એનસીઈઆરટી, યુનિસેફ વગેરે પ્રકાશનોથી પુસ્તકો પ્રકાશિત.

એક્લવ્યમાં રહીને ચકમક સામાયિકનું દસ કરતાં પણ વધુ વર્ષો સુધી સંપાદન કર્યું. ચિત્રાંકનની જાણીતી પહેલ 'રિયાઝ' ની પરિકલ્પનામાં પણ સાથે રહ્યાં. એનસીઈઆરટી સહિત વિભિન્ન રાજ્યોના હિન્દી પાઠ્યપુસ્તકોના નિર્માણમાં ભાગીદાર ભાગેદાર રહ્યાં છે. શિક્ષા, ભાષા અને  સાહિત્યને લગતાં નિબંધ લખ્યાં છે. બાળસાહિત્ય વિમર્શ માટે એકતારા બાળસાહિત્ય કેન્દ્રની પરિકલ્પના કરી.

હાલ એકતારાના 'રિયાઝ' વગેરે તમામ કાર્યોની સાથે-સાથે સાઈકલ અને પ્લુટો બાળ સામાયિકોનું સંપાદન કરી રહ્યાં છે.



## નીલેશ ગેહલોત

ફાઈન આર્ટ્સમાં સ્નાતક છે અને રિયાઝ ઍકેડેમી, ભોપાલથી ઈલસ્ટ્રેશનનો કોર્સ કર્યો છે. તેમને બાળપણથી જ ચિત્રકળામાં રુચિ છે. પાછલા 5-6 વર્ષોથી બાળકોના પુસ્તકો તથા સામાયિકો માટે ચિત્રો બનાવી રહ્યાં છે.


ફેરિયા કનેથી જાંબુ ખાઈને બોલી'તી બેન:

“મારો તો આજનો દી' ઊગી ગયો એમ...”

...મતલબ કે પૃથ્વી ફરે છે એટલે જ દિવસ ઊગે છે એવું નથી,

ફેરિયા પણ દિવસ ઉગાડે છે, હોં!







ARCH

एकलव्य

मूल्य: ₹ 90.00

9 788196 364335